BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ

સરખેજ-ગાંધીનગર હાઇવે, છારોડી અમદાવાદ-૩૮૨૪૮૧

E-mail :info@baou.edu.in, Website : www.baou.edu.in

નં.બાઆંઓયુ/નિયા/16996/2020 તા. 15 /08/2020

## મોબાઇલ સહાય યોજના

વૈશ્વિક મહામારી "કોવિડ-19"માં શિક્ષણના માધ્યમ માટે ટેકનોલોજી વરદાનરૂપ સાબિત થઇ છે. સાથે-સાથે શિક્ષણનીતિ-2020માં પણ ટેકનોલોજી અને ઓનલાઇન શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ બાબતે આપણી યુનિવર્સિટી જે દૂરવર્તી શિક્ષણનું કામ કરે છે, એમાં પણ પ્રવેશથી માંડીને વિડીયો લેક્ચર, ઈ-મટીરીયલ વગેરે ટેકનોલોજીના માધ્યમથી વિદ્યાર્થી પોતે સરળતાથી અભ્યાસ કરી શકે એવી સુવિધા યુનિવર્સિટી ઉપલબ્ધ કરાવે છે. પણ આ સમયમાં એવા કેટલાંય વિદ્યાર્થીઓ છે જે મોબાઇલ, લેપટોપ કે કોઇ અન્ય ઉપકરણ ન હોવાથી શિક્ષણથી વંચિત રહી જાય કે ગયેલા એવી પરિસ્થિતિ ઊભી થયેલ. આવા વિદ્યાર્થીઓ માટે આપણા ઘરોમાં પડેલ, ન વપરાતા મોબાઇલ ફોન એકઠા કરી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પહોંચાડી શકાય. યુનિવર્સિટીના એક્સટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા "મોબાઇલ સહાય યોજના" હેઠળ યુનિવર્સિટીના પરિવારજનો કે યુનિવર્સિટી બહારના લોકો સુધી આ યોજનાનો પ્રચાર-પ્રસાર કરી આવા મોબાઇલ એકઠા કરી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય કરીએ.

આ સહાય આવા વિદ્યાર્થીઓ માટે વરદારૂપ સાબિત થશે, સાથે સાથે શિક્ષણ થકી સેવાનો હેતુ પણ ચરિતાર્થ થશે.

"મોબાઇલ સહાય યોજના" અંતર્ગત મોબાઈલ ડોનેટ કરવા ઈચ્છુક વ્યક્તિ કે સંસ્થા એ ડૉ. સોનલ-ઈતિહાસ, મો.નં. 7434852685 પર સંપર્ક કરવાનો રહેશે.

કા.નિયામક (SS)